# Official Spokesperson's response to media queries regarding tweet by the Pakistani Prime Minister and statement by its Ministry of Foreign Affairs

June 06, 2022

# પાકિસ્તાનનાં વડાપ્રધાનની ટ્વીટ અને તેનાં વિદેશ મંત્રાલયનાં વિધાનનાં સંબંધમાં મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

06 જૂન, 2022

**પાકિસ્તાનનાં વડાપ્રધાનની ટ્વીટ અને તેનાં વિદેશ મંત્રાલયનાં વિધાનનાં સંબંધમાં મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:**

"અમે પાકિસ્તાન તરફથી વિધાન અને ટિપ્પણીઓની નોંધ લીધી છે.

લઘુમતિનાં અધિકારોનું સતત ઉલંઘન કરનાર અન્ય રાષ્ટ્રમાં લઘુમતિઓ પરનાં વર્તન પર ટિપ્પણીઓ કરે તેની મુર્ખતા કોઈ પણ વ્યક્તિ પર કામ કરતી નથી. પાકિસ્તાન દ્વારા હિંદુઓ, શિખ, ખ્રિસ્તીઓ અને અહમદિયાઓ સહિતની લઘુમતિઓની પ્રણાલીગત સતામણીનું વિશ્વ સાક્ષી છે.

ભારત સરકાર તમામ ધર્મોને સર્વોચ્ચ આદર આપે છે. આમ થવું પાકિસ્તાનમાં તદ્દન અસંભવિત છે જ્યાં કટ્ટરપંથીઓની પ્રશંસા કરવામાં આવે છે અને તેઓનાં માનમાં સ્મારકો બાંધવામાં આવે છે.

અમે પાકિસ્તાનને ભયજનક પ્રચારમાં સામેલ થવા અને ભારતમાં સાંપ્રદાયિક વિસંગતતાઓને વેગ આપવાને બદલે તેના પોતાનાં લઘુમતિ સમુદાયોની સુરક્ષા, સલામતી અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આહ્વાન કરીએ છીએ."

**નવી દિલ્હી**
**06 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.